વડીલોને વંદન અભિનંદન

ગોમતીબેન કનુભાઈ પરમાર
(૧૯૫૦) મો. ૯૪૨૬૮૯૮૧૯૯

મોડાસાની સહયોગ ચોકડી નજીક બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં લોકોએ રોડ પર ચકકાજામ કર્યો

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૨૩

મોડાસા બાયપાસ રોડ કે જે સીધો અમદાવાદ ને જોડે છે આ રોડ ઉપર ચાર ચાર ફુટ જેટલા ઉંડા ખાડા પડી ગયા હોવા છતાં પણ તંતર ને આ રોડ રીપેર કરાવાની ફુરસદ નથી મળતી રવિવાર ના દિવસે જ આ ખરાબ રોડ ના કારણે એક બાઈક સવાર ફંગોળાયો હતો અને આજે બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો જેમાં બસ માં બેઠેલા ૪૫ મુસાફરો નો આબાદ બચાવ થયો હતો તો પછી શુ તંત્ર ધ્વારા એ રાહ જોવાઈ રહી છે કે કયારે બેત્રણ નો ભોગ લેવાય ???? પછી આ રોડ રીપેર કરવામાં આવે .. ત્યારે આ ડીસ્કો ડાન્સર રોડ થી નજીક જ આવેલ મોડાસા ની સહયોગ ચોકડી પર માલપુર બાજુ થી આવતી બસ ની બ્રેક એકદમ ફેલ થઈ જતાં ધડાકાધેર ટ્રક સાથે અથડાઈ હતી જેમાં બસ માં બેઠેલ મુસાફરો થી બે થી ત્રણ જેટલા મુસાફરો ને સમાન્ય ઈજાઓ થઈ હતી પરંતુ આ ચોકડી પર વારંવાર અકસ્માતો થાય છે પરંતુ તંત્ર ધ્વારા કોઈપણ જાતના પગલા લેવામાં આવતા નંથી તો લોકો આ બાબતને લઈ ને રોષે ભરાયા હતા અને રોડ ચકકાજામ કરી દીધો હતો અને આ ચોકડી પર ડીવાઈડર મુકવા માંગ કરી હતી ત્યારે પોલીસે ઘટના સ્થળ ઉપર આવી સમજાવી મામલો થાળે પાડી ટ્રાફીક હળવો કર્યો હતો

ચિલોડા-હિંમતનગર હાઈવે રીસરફેસ કરાયો

ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ પર ઘણા સમયથી ખાડા પડી ગયા હતા જે ચોમાસાના વરસાદના કારણે જોખમી બની જવા પામ્યા હતા. તાજેતરમાં તંત્ર દ્વારા ચિલોડાથી મહુન્દ્રા પાટીયા સુધીનો હાઈવે

રીસરફેસ કરવામાં આવ્યો છે જેના કારણે વાહનચાલકોમાં રાહતની લાગણી ફેલાવા પામી છે. જો કે ચિલોડા સર્કલને ફરતે મોટા ખાડા પડી ગયા છે જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી ભોગવવી પડી રહી છે. મોટા ચિલોડા સર્કળથી નાના ચિલોડા તરફનો રોડ પણ ભારે ટ્રાફિક હોવા છતાં ફોર લેન કરાતો નથી જેના કારણે વારંવાર જીવલેણ અકસ્માતો સર્જાય છે. આ રોડ પણ સત્વરે પહોળો બનાવી ફોરલેન કરવામાં આવે તેવી આ રોડના પરના તમામ ગામોના રહેવાસીઓની ઉગ્ર માંગ છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મોડાસાની ઘાંચી હાઈસ્કૂલના પ્રમુખ તરીકે રાજબાબુ નિમાયા

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મોડાસા નગરપાલિકાના કોર્પોરેટ તરીકે રામબાબુની વરણી થતાં ઘાંચી

સમાજમાં તેમજ મોડાસા શહેરની જનતામાં હર્ષની લાગણી ફેલાઈ છે. મોડાસા શહેરની ધી મોડાસા ઘાંચી એજ્યુકેશન એન્ડ સો.વે. ટ્રસ્ટની સામાન્ય સભાસદોની મીટીંગ તાજેતરમાં મળી હતી જેમાં સંસ્થાના સારા અને કુશળ વહિવટ માટે સંસ્થા પ્રમુખ તરીકે ત્રણ વર્ષ માટે જનાબ સિકંદરભાઈ વાય. સુથાર તથા સેક્રેટરી તરીકે સમીર અહેમદ એ. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. કારોબારી સભ્યોની પણ નિમણુંક કરવામાં આવી હતી.

રાજયપાલશ્રીને સંબોધનની હાલની પ્રથામાં ફેરફાર

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીને હવેથી સરકારી કાર્યક્રમોમાં કે લેખિત અથવા મૌખિક સંબોધન કરતી વખતે અંગ્રેજીમાં **'Shri O. P. Kohli, Hon. Governorshri'**, હિન્દીમાં 'શ્રી ઓ.પી. કોહલી, રાજયપાલશ્રી' તથા ગુજરાતીમાં 'શ્રી ઓ.પી. કોહલી, માનનીય રાજયપાલશ્રી' એ મુજબ સંબોધન કરવાનું રહેશે. સંબંધકર્તાઓએ આ અંગેની નોંધ લેવા વિનંતી.

વડાગામના ગ્રામજનોની બેઠક યોજાઈ

વડાગામ, તા. ૨૩

વડાગામ ગ્રામ પંચાયતના પ્રધાનની આગેવાનીમાં ગ્રામજનોની એક મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં પ્રધાન અને ગ્રામ આગેવાનોની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અને સુરક્ષા અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

ધનસુરા નજીકના વડાગામ ખાતે તાજેતરમાં ગામના પ્રધાન સૂર્યભાણસિંહ રહેવતના અધ્યક્ષપદે સ્વચ્છતા અભિયાન અન્વયે તમામ ગ્રામજનો સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી ૧ ઓક્ટોબર પંચાયતના નિયમ મુજબ સમગ્ર ગામ વિસ્તારમાંથી તમામ કચરો એકત્રીત કરી તેનો યોગ્ય સ્થળે નિકાલ કરવા, ગામના તમામ જાહેર વિસ્તારો અને સ્થળો પર સરકારના આદેશ મુજબ ફરજીયાત પણે સી.સી. ટીવી કેમેરા મુકવા વડાગામના પ્રધાને ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. પ્રધાનની આ પહેલને સર્વે ગ્રામજનોએ આવકારતા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

(તસવીર : બાબુભાઈ, વડાગામ)

સલિલા સાહિત્યરત્ન સન્માનથી વિભુષીત કરાયા

ગાંધીનગર, તા.૨૩

રાજસ્થાનમાં છેલ્લા વીસ વર્ષથી કાર્યરત જાણીતી સાહિત્ય સંસ્થા સલિલા અને રાજસ્થાન સાહિત્ય અકાદમી, ઉદયપુરના સંયુકત ઉપક્રમે તા. ૨૦ ને ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૪ દરમિયાન બે દિવસીય રાષ્ટ્રીય બાળસાહિત્યકાર સંમેલન

રાજસ્થાનનાં સલુમ્બર ખાતે યોજાયેલ. જેમાં દેશના ૧૩ રાજયોમાંથી ૨૦૦થી વધુ સાહિત્યકારો અને વિદ્વાનો ઉપસ્થિત રહ્યા. તેમાં ગુજરાતમાંથી ખાસ ઉપસ્થિત રહેલ સાહિત્યકાર નટવર હેડાઉને સાહિત્યમાં માનવીય મુલ્યોની પુનઃસ્થાપના અને સૃજન ધર્મિતા માટે 'સલિલા સાહિત્યરત્ન સન્માન'થી વિભુષિત કરવામાં આવ્યા છે તેમ સંસ્થાના અધ્યક્ષા અને સંચાલિકા ડૉ. વિમલા ભંડારીએ જણાવ્યું છે.

શહેરી વિકાસ સત્તામંડળોને ૧૬૫૨ કરોડની મદદ થશે

આજે મુખ્યમંત્રીની હાજરીમાં ગુજરાતની શાન-ધબકતા શહેરો કાર્યક્રમ યોજાશે : માળખાકીય વિકાસનો ઉદ્દેશ્ય

અમદાવાદ, તા.૨૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ રાજ્યની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને વિવિધ માળખાકીય વિકાસ કાર્યો માટે રૂા. ૧૬૫૨ કરોડની સહાયના ચેક, આવતીકાલે તા. ૨૪-૯-૧૪ના મહાત્મા મંદિર ખાતે યોજાનારા ગુજરાતની શાન-ધબકતા શહેરો કાર્યક્રમમાં અર્પણ કરશે.

શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના અતિથિ વિશેષ પદે યોજાનારા આ ગ્રાન્ટ-સહાય વિતરણ કાર્યક્રમમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય વિકાસ કામો માટે પાંચ મહાપાલિકા, ૧૩૨ નગરપાલિકાઓ અને ૭ શહેરી વિકાસ સત્તા મંડળોને ૯૩૬ કરોડ, ત્રણ નગરપાલિકાઓમાં સેવાસદન માટે રૂા. ૨.૫૧ કરોડ, ૧૮ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામો માટે રૂા. ૪૭.૨૨ કરોડ, નિર્મળ ગુજરાત અભિયાન તહેત પાંચ મહાપાલિકાઓ અને ૧૧૯ નગરપાલિકાઓનાં મળીને ૧ લાખ ૧૦ હજાર ૬૩૨ શૌચાલય નિર્માણ માટે રૂા. ૬૦ કરોડની રકમ અર્પણ કરાશે. આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસ, નિમ્ન આવક જૂથવાળા લોકો માટે આવાસ વગેરે ૭ મહાપાલિકા, ૨૫ નગરપાલિકા, ૬ શહેરી વિકાસ સ્તામંડળો અને ગુજરાત હાઉસીંગ બોર્ડને સમગ્રતયા ૩૫૦ કરોડના ચોર વિતરણ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ રાજ્ય સરકારે આ કામો માટે રૂા. ૧૯૧૦ કરોડની સહાય આપી છે અને આવતીકાલે વધુ રૂા. ૧૬૫૨ કરોડની સહાય સાથે માળખાકીય વિકાસ અને જનસુખાકારી કામો માટે કુલ ૩૫૬૨ કરોડની સહાય ક્ષેત્રો માટે રાજ્ય સરકારે ફાળવ્યા છે.

પેરામેડીકલ સ્ટાફ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૧.૪૦ લાખ કોર્નિયલની જરૂર પડે છે. એક અહેવાલ પ્રમાણે જે લોકોને ચક્ષુદાનની જરૂર છે એવા ૯૦ ટકા લોકો ૪૫ વર્ષની નીચે છે. જેમાંથી ૬૦ ટકા તો ૧૨ વર્ષથી નીચેના બાળકો છે. આ દરેકને જોતા કરી શકાય તેમ છે. ત્યારે ગાંધીનગર સહિત સમગ્ર દેશમાંથી અંધત્વને દૂર કરવા માટે સમાજમાં ચક્ષુદાન પ્રત્યેની જાગૃતિ ખૂબ જરૂરી હોવાનું માનીને અમે ચક્ષુદાન માટે રેલી સહીતના જાગૃતિ કાર્યક્રમ કર્યા હતા. ગત વર્ષે શ્રી નિતીનાઈ પટેલની સાથે સરકારમાં પણ રજુઆત કરી હતી કે, આંખના રોગના નિષ્ણાંતો સિવાય પણ અન્ય પેરામેડીકલ સ્ટાફ દ્વારા ચક્ષુદાન સ્વિકારી શકાય તે અંગે ખાસ નિયમો ઘડવા જોઈએ કારણ કે નિષ્ણાંતોના અભાવે ચક્ષુદાનની સંખ્યા વધારી શકાય. તેમની રજુઆતને સરકારે ગંભીરતાથી લઈને તેમાં હકારત્મક મંજુરી આપતા ખાસ પરિપત્ર પણ બહાર પાડ્યો છે. હવે મેડીકલ કોલેજ કે આઈ બેંકના નિષ્ણાંતો દ્વારા તાલીમબદ્ધ નર્સીંગ સ્ટાફથી માંડીને અન્ય પેરામેડીકલ સ્ટાફને આ અંગે ટ્રેઈન કરવામાં આવશે. જેના કારણે ગ્રામ્યવિસ્તારના ચક્ષુદાતાઓ પણ લાભ લઈ શકશે. ચક્ષુદાન પણ વધુ સ્વિકારવામાં આવશે. અને આમ, આઈબેંકમાં ચક્ષુદાતા વધશે. ઘણા અંધ વ્યક્તિઓને ફરી રોશની પણ મળી શકશે. ચક્ષુદાન સ્વિકારવા જતા સ્ટાફને પણ સરકાર દ્વારા આર્થિક સહાય કરવામાં આવશે.

ખેડબ્રહ્મામાં નવરાત્રીના આયોજનને લઈ બેઠક

ખેડબ્રહ્મા, તા.૨૨

ખેડબ્રહ્મામાં અંબિકા માતાજી મંદિર-માઈ મંડળ મહાકાળી નવરાત્રી મંડળ-કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર-નવા મારવાડા-સરદાર ચોક અને ઠાકરડાવાસ સહીત અન્ય સ્થળોએ નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. માઈ મંડળ તથા મહાકાળી નવરાત્રી મંડળની સામાન્યસભા તાજેતરમાં મળી હતી. ખેડબ્રહ્મા બ્રહ્માજી ચોક તથા મહાકાળી માતાજી મંદિરમાં આસો સુદ એકમથી આસો સુદ પુનમ સુધી ગરબાનું આયોજન કરવામાં આવે છે. આસો માસના પંદર દિવસ ખેલૈયા રાસ ગરબાની રમઝટ બોલાવશે. માઈ મંડળના પ્રમુખ રામજીભાઈ પટેલ-મંત્રી દિગ્વિજયસિંહ રાઠોડ-સહમંત્રી હસમુખભાઈ પંડયા તેમજ મહાકાળી નવરાત્રી મંડળના પ્રમુખ ફુલજીભાઈ પટેલ-મંત્રી છત્રસિંહ સોલંકી સહિત મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ફટાકડાના હંગામી લાયસન્સની પ્રક્રિયા ૧લીથી આરંભાશે

ગાંધીનગર, તા.૨૩

દિવાળી- ૨૦૧૩ના તહેવારોને અનુલક્ષીને ફટાકડાનો હંગામી પરવાનો મેળવવા માટેનું ફોર્મ તા. ૦૧/૧૦/૨૦૧૪ થી ૧૩/૧૦/૨૦૧૪ દરમ્યાન સવારના ૧૧.૦૦ થી ૪.૦૦ કલાક સુધી જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, ગાંધીનગર ખાતેથી મળી શકશે. આ ફોર્મ જરૂરી વિગતો સાથે ભરીને તા. ૧૩/૧૦/૨૦૧૪ના ૪.૦૦ કલાક સુધીમાં જન સેવા કેન્દ્ર ખાતે જમા કરાવવાનું રેહશે.

ફટાકડા લાયસન્સનું મેળવવા હંગામી પરવાની અરજી ઉપર રૂા. ૩/-ની કાર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. લાયસન્સ ફી રૂા. ૧૫૦/- સદર હેડ ૦૦૭૦, ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્ર માંથી મંજુર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવીને એક નકલ અરજી ફોર્મ સાથે બીડવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ- ૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતુ હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર તરફથી નિયત કરવા આવે તે સેકટર માટે જ હંગામી લાયસન્સ આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી -માણે અરજી કરવાની રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર અથવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવશે અને જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલ ભાડું રીફંડ મળશે નહિ. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટી સાધનોની વ્યવસ્થા લાયસન્સદારે જાતે કરવાની રહેશે. લાયસન્સની શરતો -માણે આગ-અકસ્માત માટેની સાવચેતી પગલા લાયસન્સદારે લેવાના રહેશે.

આમ છતાં કોઈ દુર્ઘટના બનશે. તો તેની જવાબદારી લાયસન્સ ધારકની રહેશે. જરૂર જણાયે લાયસન્સ માટે અરજી કરનારે વિમો લેવાનો રહેશે. લાયસન્સ મેળવનાર વ્યક્તિએ ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યક્તિને ધંધો કરવા અધિકૃત કરી શકાશે નહિં કે અન્યને વાપરવા આપી શકશે નહિ. અરજદારે કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી તેવું -માણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે. સંબંધિત ફાયર ઓફિસરશ્રીનો અભિ-નય પણ અરજીપત્રક સાથે રજુ કરવાનો રહેશે, તેવું મામલતદાર (જ.ફા) શ્રી સાબેરા એન. મલેકે અખબારી યાદીમાં જણાવ્યું છે.

આજે સેકટર-૩-ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૩

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૨૪ સપ્ટેમ્બર બુધવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન સેકટર-૩-ડી રામેશ્વર મંદિર ખાતે યોજવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શબ્દાવલી - ૫૫૧૩



આડી ચાવી

૧. લોકીટ, બાજુ (૪)
૩. અંત, પુરૂં કરવું, છેડો લાવવો (૩)
૫. ... કાળુડો નાગ રાણી પીંગળા (ડંસ મારેલ) (૪)
૭. બનાવેલું, કલ્પિત, ગોઠવી કાઢેલું (૬)
૧૧. 'લાનત' શબ્દ આડોઅવળો (૩)
૧૨. ... કરવુ, કાપવું (૨)
૧૩. ખુબ કપડા ધોવા, કપડાંનો... કાઢવો (૨)
૧૪. પુષ્કળ (૪)
૧૫. મીઠું, સબરસ (૩)
૧૬. એક મિઠાઇ (૩)
૧૭. રાજાઓનું વાહન (૨)
૧૯. બદનામી (૩)

ઊભી ચાવી

૧. સૂક્ષ્મ, ઝીણું (૩)
૨. તુમ દીલ કી... મેં રહેતો હો.. (૪)
૩. નીતિ, ઘનત (૩)
૪. લતા, વેલો (૨)
૬. શિલ્પકાર (૨)
૮. પોલુ, ... હોવું (૩)
૯. કુટેવ, આદત (૨)
૧૦. સૈન્ય, સેના (૩)
૧૨. ઝીણો તાવ
૧૩. ગોલમાલ, કાઢ-મેલ (૪)
૧૪. કર્મ નહિ કરનારું (૪)
૧૫. નર્ક, જહન્નમ (૩)
૧૮. દુકાનનો ગલ્લો, પૈસાનો હિસાબ રખાય તે જગા (૨)

શબ્દાવલી ૫૫૧૨ના જવાબ

આડી ચાવી :- (૧) ખબરદાર (૫) રજા (૬) ખજાનો (૭) કાનન (૯) ડર (૧૦) સાસરવેલ (૧૨) વગ (૧૩) જબાન (૧૫) ડંકો (૧૬) તાગ (૧૮) ગાન (૧૯) ગવન (૨૦) તાગ (૨૧) રન (૨૨) વતરણા

ઊભી ચાવી :- (૧) ખખડધજ (૨) બજાર (૩) રનો (૪) રકાસ (૫) રનવે (૮) નરબંકો (૧૦) સાગ (૧૧) લવલીન (૧૨) વનરાવન (૧૪) બાજીગર (૧૭) ફન (૧૮) ગાગર (૨૦) તાત

ઉનાળાનો માહોલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનોને તાવ-શરદી અને માથુ શરીરના કળતર જેવા રોગો થઈ રહ્યા છે. વળી મોડી રાત્રે ઠંડકનું પ્રમાણ વધી જાય છે જે વહેલી પરોઢ સુધી જળવાય છે. એક તરફ ભેજના કારણે અને વરસાદી પાણીના ખાબોચિયા વગેરે ભરાયેલા હોવાના કારણે મચ્છરનો ઉપદ્રવ વધી જવા પામ્યો હોઈ રાત્રે ફરજિયાત પંખો ચાલુ રાખવો પડે છે. પરંતુ મોડી રાત્રિની ઠંડીમાં પંખો બંધ કરવા મજબૂર કરે છે. અથવા મચ્છરથી બચવા જો પંખો ચાલુ રાખવામાં આવે તો શરદી તેની પકકડ જમાવી દે છે. જેથી નાક બંધ થઈ જવું, વારંવાર છીંકો આવવી, નાકમાંથી પાણી પડવુ, માથુ કે હાથ પગ દુઃખવા અથવા તાવ આવવો કે શરીરમાં અશક્તિ લાગવી જેવી બિમારીઓ પેદા થાય છે.

હાલ તો આ બેવડી ઋતુથી બચવા ઘણા નગરજનો પંખો ચાલુ રાખીને રાત્રે ધાબળા કે ગોદડી ઓઢીને સૂઈ જવાના ઉપાયો કરે છે તો ઘણા નગરજનો લીમડા કે ગુગળનો ધુમાડો અથવા મચ્છર ભગાડવાની અગરબત્તી સળગાવી તેનાથી બચવા પ્રયત્નો કરે છે. આ બધામાં નગરજનોને દિવસ દરમ્યાન પડતી આકરી ગરમી સૌથી વધુ સતાવી રહી છે અને ફરી તેમને ઉનાળો આવી ગયો હોય તેવો અનુભવ થઈ રહ્યો છે.

નગરપાલિકા બનશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જેમાં ગાંધીનગર તાલુકાના રાંધેજામાં (૧૨,૨૦૫), ડભોડા (૧૩,૮૯૧), ઉવારસદ (૧૦,૧૭૨), દહેગામ તાલુકાનું બહિયલ (૧૦,૫૭૫), માણસા તાલુકાના ચરાડા (૧૦,૫૯૫) કલોલ તાલુકાના છત્રાલ (૧૦,૨૧૫), સઈજ (૧૩,૮૮૨)નો સમાવેશ થાય છે.

પંચાયતોની વોર્ડ રચના અને સીમાંકનની કાર્યવાહી હવે હાથ પર લેવામાં આવી છે અને ટુંકમાં જ વોર્ડની સંખ્યા તેમજ અનામત બેઠકોની ફાળવણી અંગેની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોની બેઠકો અને સીમાંકનની કામગીરી પણ હવે હાથ ધરવામાં આવશે. દિપાવલી બાદ આ કામગીરી ઝડપથી આગળ વધશે તેમ પંચાયતના સૂત્રો જણાવે છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ ૪ નગરપાલિકા છે અને આગામી દિવસોમાં બે નવી નગરપાલિકા બનશે. જ્યારે એક મહાનગરપાલિકા છે.

ફરી સળવળાટ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન થયા બાદ શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી બન્યા પછી તેમના મંત્રીમંડળમાં પુરુષોત્તમ સોલંકીને પડતા મુકવામાં આવ્યા છે. મંત્રીમંડળમાં લેવામાં ન આવતાં તે નારાજ થયા છે. ભાગ રુપે આ નારાજગી વ્યકત કરવા આજે કોળી સમાજના આગેવાનોની બેઠક મળી હતી.

ફોરમના ગરબા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ૪૦૦ બાય ૪૦૦ના ગ્રાઉન્ડમાં ૧૦૬ ફૂટની ત્રિજયાવાળા વિશાળ ગરબા મેદાનમાં ખેલૈયાઓ મોકળાશથી ગરબે ઘુમી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ડસ્ટ ફ્રી વાતાવરણમાં ૭ હજાર ખેલૈયાઓ ગરબે ઘુમી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. કલ્ચરલ ફોરમના પ્રકાશ લાલાએ જણાવ્યું હતું કે આ વર્ષે દિમી દેસાઈ, અમીત ઠકકર, કલ્યાણી કોઠાળકર, દિવ્યાંગ અંજારીયા, સલીલ મહેતા, જગદીપ મહેતા, દિનેશ દેસાઈ, સમીર રાવલ, ભુમિક શાહ, આનલ વસાવડા અને સંકેત ખાંડેકર જેવા ગુજરાતના સુપ્રસિધ્ધ ગાયક કલાકારો ગરબા મેદાનમાં ધૂમ મચાવશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં મા જગદંબાના પરંપરાગત ગરબાઓ અને ગુજરાતી લોકગીતોના તાલે એકી સાથે ૭,૦૦૦ ખેલૈયાઓ ગરબે ઘુમી શકે તેવું આયોજન છે. આ માટે વિશાળ ગ્રાઉન્ડ તૈયાર કરાયું છે. ખેલૈયાઓ ધૂળ રહિત પ્રદૂષણમુકત વાતાવરણમાં ગરબે ઘુમી શકે એવું આયોજન કરવામાં આવ્યું છે. ખેલૈયાઓ અને પ્રેક્ષકોની સલામતીની પણ પૂરતી કાળજી લઈ શકાય તેવું આયોજન કરાયું છે. દરરોજ રાત્રે ૮.૩૦ વાગ્યાથી રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી ગરબા યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવના મુખ્ય પ્રવેશદ્વારને પણ વિશિષ્ઠ રીતે રોમન થીમ આધારિત તૈયાર કરાયુ છે. મુખ્ય પ્રવેશદ્વાર પાસે ઊંચા રોમન પીલર વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ તમામ કારીગરીને ગ્રામીણ હસ્તકલાના કારીગરો દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ૬૦ ફૂટના વ્યાસવાળા વિસ્તારમાં આકર્ષક અને નયનરમ્ય ફુવારો આહલાદક વાતાવરણનું સર્જન કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં પધારેલા લોકો ગુજરાતની પરંપરાગત વાનગીઓ અને ખાણી પીણીનો આનંદ પણ માણી શકે તે માટે વૈવિધ્ય ધરાવતી વાનગીઓના ૨૪ સ્ટોલ્સના ફુડ બજારનું પણ નિર્માણ કરાયું છે. આ ઉપરાંત ૧૮ જેટલા ડિસ્પ્લે સ્ટોલ્સ પરથી લોકોને ઉપયોગી માહિતી મળી રહે તેવું આયોજન કરાયું છે. ૪ વિશાળ ડિસ્પ્લે સ્ટોલ્સ લોકોના વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

ગાંધીનગરના નાગરિકો નવરાત્રી મહોત્સવ સૌથી વધુ ઉમંગપૂર્વક ઉજવે છે. ગાંધીનગરની નવરાત્રી એ સમગ્ર રાજયમાં અને દેશ વિદેશમાં પણ એક આગવી ભાત ઉભી કરી છે.

આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારો સર્વ શ્રી જ્યોતિન્દ્ર વ્યાસ, ડૉ. રાજેશ શાહ, હિરેન ભટ્ટ, ડૉ. પિયુષ દવે સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નામ બદલેલ છે

મારુ જુનું નામ પરમાર પુષ્પક બાબુલાલ હતુ જે બદલીને નવુ પરમાર પ્રશાંતકુમાર બાબુલાલ રાખેલ છે.
સરનામુ:- પ્લોટ નં. ૪૧/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.

જાહેર નિવિદા

સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે Rental Baseથી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગની વેબસાઈટ http://www.planning.gujarat.gov.in ઉપર દર્શાવ્ય મુજબ છે, તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

૨. આ અંગેના ભાવ પત્રકો તા. ૪/૧૦/૨૦૧૪ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવ પત્રકો તા. ૭/૧૦/૨૦૧૪ના રોજ બપોરે ૧૬-૦૦ કલાકે ખોલવામાં આવશે.

પ્રદીપ કિશ્ચિયન
સેકશન અધિકારી/ય-૨ શાખા
સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગ
બ્લોક નં.૭, ૪થો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર

માહિતી/૧૨૭૮/૨૦૧૪-૧૪